# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**
**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**E-Mail- forum.pgvcl@gebmail.com**

**પીજીવીસીએલ/સીજીઆરએફ**/૫૦/ક્વા-3/૧૯-૨૦/૯૭૬-૫૦ તા. ૧૪.૦૨.૨૦૨૦

૨૦૦3 ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, **રાજકોટ** ના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No. PG- ૫૦/ક્વા-3/૧૯-૨૦

**અરજદાર:** દિલીપગીરી પ્રેમગીરી ગોસ્વામી , ગામ - રાજકોટ **સબડીવીઝન:** આજી-૨ રાજકોટ
**રજૂઆત કરનાર:** અરજદારના પ્રતિનિધિ શ્રી કમલેશ એમ.ગોસ્વામી હાજર રહેલ છે.

## :: વિરુધ્ધ ::

**સામાવાળા:** કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ વિભાગીય કચેરી – રાજકોટ શહેર-૧
**રજૂઆત કરનાર:** કાર્યપાલક ઈજનેર શ્રી પી.જે.મહેતા -પીજીવીસીએલ વિભાગીય કચેરી – રાજકોટ શહેર-૧

## :: ફોરમ ::

૧) ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ,
૨) મેમ્બર સ્વતંત્ર - શ્રીમતી કોકિલાબેન જે. મોટાણી

**સુનાવણી સ્થળ:** કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, શહેર વર્તુળ કચેરી, રાજકોટ
**તારીખ:** ૦૬-૦૨-૨૦૨૦ (ગુરુવાર)

૧.૦ સદર કેસની સુનાવણી તા.૦૬-૦૨-૨૦૨૦ (ગુરુવાર) ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં ઉપર મુજબ ના પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે, તેઓનુ વીજજોડાણ ગ્રાહક ન.–૮૭૨૦૧/૫૩૦૦૩/૮થી દીલીપગીરી પ્રેમગીરી ગોસ્વામી, એન.આર.જી.પી કનેકશન ૧૬.૦૦ કી.વો. નું ધરાવે છે. જેનુ વીજ મીટર તા.૨૪/૦૬/૨૦૧૭ ના રોજ આજી-૨ પેટાવિભાગ દ્વારા સ્થળ પર મીટર બદલવામા આવેલ હતું. જેમાં છેલ્લા રીડીંગ ૨૮૦૫ બતાવેલ છે. જયારે સદર મીટર તા. ૦૧/૦૮/૨૦૧૭ ના રોજ લેબોરેટરીમા ચકાસવામા આવેલ હતું, જેમા મીટર ના રીડીંગ ૨૮૦૫૧૦ દર્શાવવામા આવેલ છે. તેમજ જે તે સમયે અપાયેલ બીલ મુજબ – ૮૧૮૪૦૪ મુજબ બીલીંગ થયેલ છે. આમ, વિરોધાભાસી રીડીંગ નોંધવામા આવેલ છે. અરજદારની રજુઆત મુજબ – સદર મીટર ૧૩ વર્ષ જુનુ હોય– ટ્રાન્સપોર્ટ દરમ્યાન મીટરના રીડીંગ ડિસટર્બ થયેલ હોય – તેમ લાગે છે. તેમજ અગાઉ ના ૧૨ થી ૧૮ માસનો વીજવપરાશ તથા મીટર બદલ્યા પછી ના વીજવપરાશ નો રેકર્ડ લગભગ સમાન છે. આમ, પીજીવીસીએલ દ્વારા અપાયેલ રૂ.૪૪૦૬૪૩ નુ બીલ – કોઈપણ પ્રકારના કેલ્કયુલેશન શીટ વગર અપાયેલ છે. આમ, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ અરજદાર ની રજૂઆત અન્વયે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે- **આજી-૨ પેટા વિભાગના ગ્રાહક શ્રી દીલીપગીરી પ્રેમગીરી ગોસ્વામી ગ્રાહક નં.૮૭૨૦૧/૫૩૦૦૩/૮ દ્વારા કરવામાં આવેલ ફરિયાદ નો આજી-૨ પેટાવિભાગ દ્વારા વિસ્તૃત અહેવાલ નીચે મુજબ છે.**

**(૧).**ગ્રાહક શ્રી દીલીપગીરી પ્રેમગીરી ગોસ્વામી, રત્નદીપ સોસાયટી, પેડક રોડ, રાજકોટ ખાતે ગ્રાહક નંબર ૮૭૨૦૧/૫૩૦૦૩/૮થી એન.આર.જી.પી કનેકશન ૧૬.૦૦ કી.વો. નું તા.૧૬/૦૫/૧૯૯૮ થી ધરાવે છે.

**(૨).** સદર ગ્રાહકને તા.૧૭/૦૪/૨૦૧૭ ના બીલમા વપરાશ ૧૪૯૬ યુનીટ (૨૧૬૭૬૧–૨૧૫૨૬૫) આપવામા આવેલ જે બાબત તેઓએ તા.૨૩/૦૬/૨૦૧૭ ના રોજ મીટર બદલવા બાબતની અરજી આજી-૨ પેટાવિભાગીય કચેરીને કરી હતી.

**(૩).** ગ્રાહકની અરજીના આધારે તા.૨૪/૦૬/૨૦૧૭ ના રોજ આજી-૨ પેટાવિભાગ દ્વારા સ્થળ પર મીટર બદલવામા આવેલ હતું. જેના ચેકીંગ શીટ નં. ૬૯૮૩૫ છે.

**(૪).** તેમજ જુનું મીટર નં. ૨૩૨૦૫૮૫ તા. ૦૧/૦૮/૨૦૧૭ ના રોજ લેબોરેટરીમા ચકાસવામા આવેલ હતું. જેના લેબ રીપોર્ટ નં.૩૬૦૫ છે. આ મીટર ગ્રાહક/ગ્રાહકના પ્રતીનીધીની હાજરીમા ખોલવામા આવેલ હતું. જેમા મીટરનું વાંચન ૨૮૦૫૧૦ દર્શાવવામા આવેલ છે.

**(૫).** ગ્રાહકની બીલીંગમા સંલગ્ન મીટર બાબત વાંચન ૨૧૮૪૦૪ સુધી લેવામા આવેલ અને લેબમાં વાંચન ૨૮૦૫૧૦ દર્શાવેલ છે. જે તફાવતના યુનીટ **૬૨૧૦૬** પેન્ડીંગ યુનીટ હોય રીકવરી ભરપાઈ કરવા બાબત કુલ રકમ રૂ.૪૪૦૬૪૨.૦૭ સબબ પત્ર નં.૭૪૭૧ તા.૦૯/૧૨/૨૦૧૯ થી આજી-૨ પેટાવિભાગ દ્વારા ગ્રાહકને જાણ કરેલ છે.

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખીત રજુઆત તથા સામાવાળાની રજુઆત અને રજુ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી તરફથી નીચે મુજબ નો નિર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદારની ફરીયાદ મુજબ વીજજોડાણ શ્રી દીલીપગીરી પ્રેમગીરી ગોસ્વામી, રત્નદીપ સોસાયટી, પેડક રોડ, રાજકોટ ખાતે ગ્રાહક નંબર ૮૭૨૦૧/૫૩૦૦૩/૮થી એન.આર.જી.પી કનેકશન ૧૬.૦૦ કી.વો. નું તા.૧૬/૦૫/૧૯૯૮ થી ધરાવે છે. પીજીવીસીએલ દ્વારા તફાવતના યુનીટ **૬૨૧૦૬** પેન્ડીગ યુનીટ હોય રીકવરી ભરપાઈ કરવા બાબત કુલ રકમ રૂા.૪૪૦૬૪૨.૦૭ સબબ પત્ર નં.૭૪૭૧ તા.૦૯/૧૨/૨૦૧૯ થી આજી-૨ પેટાવિભાગ દ્વારા ગ્રાહકને જાણ કરેલ છે સદર બીલ અરજદારને યોગ્ય ન લાગતા – અરજદારે અત્રેના ફોરમ સમક્ષ રજુઆત કરેલ છે.

૪.૨ સદર અરજદારને તા.૧૭/૦૪/૨૦૧૭ ના બીલમા વપરાશ ૧૪૯૬ યુનીટ (૨૧૬૭૬૧–૨૧૫૨૬૫) આપવામા આવેલ જે બાબત તેઓએ તા.૨૩/૦૬/૨૦૧૭ ના રોજ મીટર ફાસ્ટ હોય ટેસ્ટીંગ માટે યોગ્ય કરવા માટેની અરજી આજી-૨ પેટાવિભાગીય કચેરીને કરી હતી. સદર અરજીના આધારે ગ્રાહકના પ્રતીનીધીની હાજરીમા તા.૨૪/૦૬/૨૦૧૭ ના રોજ આજી-૨ પેટાવિભાગ દ્વારા સ્થળ પર મીટર બદલવામા આવેલ હતું. તે મુજબ ની વિગત નીચે મુજબ છે .

| Meter Make | Elster | Load | 6.63KW |
|---|---|---|---|
| Sr No. | 2320585 | KWH-current | 2805 |
| capacity | 10-60A | | |

૪.૩ ઉપરોક્ત જુનું મીટર નં. ૨૩૨૦૫૮૫ તા. ૦૧/૦૮/૨૦૧૭ ના રોજ ગ્રાહકના પ્રતીનીધીની હાજરીમા લેબોરેટરીમા ચકાસવામા આવેલ હતું. જેના લેબ રીપોર્ટ નં.૩૬૦૫ છે. લેબ તપાસણી ના રીપોર્ટ મુજબ સદર મીટરનો ટેસ્ટ લેતા બરાબર છે. લેબ રીપોર્ટ મુજબ ની વિગત નીચે મુજબ છે.

| Meter Make | Elster | KWH | 280510 |
|---|---|---|---|
| Sr No. | 2320585 | KVARH-G | 62851 |
| capacity | 10-60A | Test Result | 0.747% |

૪.૪ અરજદારના વીજજોડાણના વીજ વપરાશ ના ૧૪૫ મુજબ વિગત નીચે મુજબ છે.

| Month/ Year | 2016 | | | 2017 | | | 2018 | | | 2019 | | | 2019 | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | C.R. | Status | unit | C.R. | Status | unit | C.R. | Status | unit | C.R. | Status | unit | C.R. | Status | unit |
| JAN | 202853 | | 3630 | 213232 | | 896 | 8394 | | 1156 | 22052 | | 764 | 33746 | | 6796 |
| FEB | 203804 | | 951 | 214112 | | 880 | 9287 | | 893 | 22917 | | 865 | 34685 | | 939 |
| MAR | 204501 | | 697 | 215265 | | 1153 | 10362 | | 1075 | 23543 | | 4511 | | | |
| APR | 205009 | | 508 | 216761 | | 1496 | 11798 | | 1436 | 24489 | | 946 | | | |
| MAY | 205795 | | 786 | 218404 | | 1643 | 12983 | | 1185 | 25489 | | 1000 | | | |
| JUN | 206804 | | 1009 | 218404 | L | 0 | 14261 | | 1278 | 26950 | | 1461 | | | |
| JUL | 207630 | | 826 | 1398 | C | 1394 | 15435 | | 1174 | 28392 | | 1442 | | | |
| AUG | 208597 | | 967 | 2403 | | 1005 | 16553 | | 1118 | 29800 | | 1408 | | | |
| SEP | 209594 | | 997 | 3688 | | 1285 | 18074 | | 1521 | 30657 | | 857 | | | |
| OCT | 210158 | | 564 | 5219 | | 1531 | 19583 | | 1509 | 31539 | | 882 | | | |
| NOV | 210158 | L | 0 | 6445 | | 1226 | 20577 | | 994 | 32456 | | 917 | | | |
| DEC | 212336 | | 2178 | 7238 | | 793 | 21288 | | 711 | 33746 | | 1290 | | | |
| **AVERAGE** | | | **1093** | | | **1109** | | | **1551** | | | **1362** | | | **3868** |

૪.૫ ઉપરોક્ત મુદ્દા નં. ૪.૩અને ૪.૪ અન્વયે જુના મીટરમાં મીટરમાં લેબ તપાસણી ના રીપોર્ટ માં કોઈ ખામી જણાયેલ ન હોય અને તેમાં નોંધાયેલ વીજ યુનિટ 280510 મુજબ પીજીવીસીએલ ની સંબધક કચેરી દ્વારા અરજદારને તા.૦૯.૧૨.૨૦૧૯ થી લેખીત પત્ર દ્વારા પેન્ડીંગ યુનિટ રીકવરી ની

રકમ રૂ.૪૪૦૬૪૩.૦૦ ભરપાઈ કરવા જાણ કરેલ છે. જે રકમ અરજદાર દ્વારા કરાયેલ વીજ વપરાશ યુનિટની હોય અરજદારે સદર રકમ નીયમાધીન ભરપાઈ કરવાની રહેશે તેમ ફોરમ કમિટી દ્વારા નિષ્કર્ષ કરેલ છે.

૪.૫ ઉપરોક્ત મુદ્દા નં.૪.૪ મુજબની વિગતે હુકમ કરવામાં આવે છે.

૪.૬ આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

| | |
|---|---|
| (કે. જે. મોટાણી) | (જે.બી.પારેખ) |
| સભ્ય (સ્વતંત્ર) | ચેરપર્સન |

નોંધ: (૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૯ જાહેરનામા નં.૨/૨૦૧૯ ની કલમ ૩.૧૯ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૯ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(૩) લોકપાલ નું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯.